૪

નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર હેઠળના સરકારી છાત્રાલય (કુમાર/કન્યા) તેમજ આદર્શ નિવાસી શાળા (કુમાર/કન્યા) ના મકાનના મરામત અંગે વર્ષ ૨૦૨૦-૨૧ માં રૂા. ૭૨,૫૧,૪૨૪/- ની વહીવટી મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: અજાક/૧૦૨૦૧૯/ન.બા.૭૫/ગ

સચિવાલય, ગાંધીનગર

તા.૧૦/03/૨૦૨૧

**વંચાણમાં લીધા:**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૦/૦૯/૨૦૨૦ નો ઠરાવ ક્રમાંક : બજટ/૧૦૨૦૧૯/૧૨૦૩૧૯/બ

(૨) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૦૫/03/૨૦૨૦ નો પત્ર ક્રમાંક: અ.જા.ક./ગ-૧/૨૦૧૯/૧૯૬૭

(3) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૧૯/0૨/૨૦૨૦ નો પત્ર ક્રમાંક: અ.જા.ક./ગ-૧/૨૦૧૯/૧૫૭૨

(૪) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૨૩/૧૧/૨૦૨૦ નો પત્ર ક્રમાંક: અ.જા.ક./ગ-૧/૨૦૨૦/૬૦૯૨-૯૩

(૫) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૧૭/૧૨/૨૦૨૦ નો પત્ર ક્રમાંક: અ.જા.ક./ગ-૧/૨૦૨૦-૨૧/૬૪૪૭-૪૮

**ઠ રા વ:**

અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકના સરકારી મકાનોના અપગ્રેડેશન અને મોર્ડનાઇઝેશન યોજનામાં સરકારી મકાનો જેવા કે, કુમાર/કન્યા સરકારી છાત્રાલયો, કુમાર/કન્યા આદર્શ નિવાસી શાળાઓ, સરકારી મકાનોના રીપેરીંગ / રીનોવેશન વિગેરેની કામગીરી માર્ગ અને મકાન વિભાગ મારફતે કરવામાં આવે છે. વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક : (૧) સામેના ઠરાવથી અપગ્રડેશન એન્ડ મોર્ડનાઈઝેશન ઓફ ગર્વમેન્ટ બિલ્ડીંગ અંગેની ચાલુ બાબતમાં રૂા. ૧૫૦.00 લાખની બાબતે વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક : (૨) થી (૫) ના નિયામકશ્રી, (અ.જા.ક) ના પત્રથી અનુસુચિત જાતિ કલ્યાણ હસ્તકના કુલ ૦૪ સરકારી મકાનોના મરામત બાબત દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે મહાત્મા ગાંધી સરકારી કુમાર છાત્રાલય, રાજકોટ યુનિટ-૨ છાત્રાલયના રીનોવેશનની કામગીરી માટે રૂ.૪૯,૮૫,૯૦૦/-,(ઓગણ પચાસ લાખ પંચ્યાસી હજાર

નવસો પુરા), આદર્શ નિવાસી શાળા કુમાર/કન્યા (અ.જા.),પાલનપુરમાં સ્ટ્રીટ લાઇટ રીપેરીંગ કરવા રૂા. ૧૦,૮૧,૮૨૪/-(રૂપિયા દસ લાખ એક્યાસી હજાર આઠસો ચોવીસ પુરા), આદર્શ નિવાસી શાળા કુમાર (અ.જા.) પાલનપુરમાં રસોડાના મકાનનું રીપેરીંગ કરવા રૂ.૫,૧૬,૭૦૦/-( રૂપિયા પાંચ લાખ સોળ હજાર સાતસો પુરા) અને સરકારી કુમાર છાત્રાલય(અ.જા.) નખત્રાણા, જિ. કચ્છના રૂ. ૬.૬૭ લાખ (રૂપિયા છ લાખ સડસઠ હજાર પુરા) એમ કુલ રૂ.૭૨,૫૧,૪૨૪/- (બોત્તેર લાખ એકાવન હજાર ચારસો ચોવીસ પુરા) નો ખર્ચ કરવાની નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે:

**શરતો:**

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૨૦-૨૧ ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતીની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગની વખતો વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું તથા તે અંગેની વખતો-વખતની સુચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) આ યોજના અંગે કોઇ ખરીદી કરવાની થતી હોય તેવા કિસ્સામાં ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૪.૧૦.૨૦૧૭ ના ઠરાવથી સૂચવવામાં આવેલ કાર્યપદ્ધતિ અને કાર્યપ્રણાલિકાને અનુસરીને ઇ-માર્કેટપ્લસ (જી.ઇ.એમ) પોર્ટલ પરથી કરવાની રહેશે. જો કોઇ આઇટમ પોર્ટલ પર ઉપલબ્ધ ન હોય તો ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧.૧૦.૨૦૧૮ ના ઠરાવથી સૂચવ્યા મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(૧૧) જો કોઇ ખરીદી કરવાની થતી હોય તો રૂ.૧.૦૦ લાખથી વધુ કિંમતની ખરીદી નાણાં વિભાગના તા.૧૭.૩.૨૦૦૩ ના ઠરાવથી નક્કી થયા મુજબ જાહેરાત આપીને અને રૂ.૫.૦૦ લાખથી વધુ રકમની ખરીદીના કિસ્સામાં ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૮.૦૭.૨૦૧૧ ના ઠરાવથી સૂચવ્યા મુજબ ઇ-ટેન્ડરથી કરવાની રહેશે.

(૧૨) બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે વિભાગે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R. મુજબ નક્શા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

(૧૩) બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૧૪) સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની વિભાગે તકેદારી રાખવાની રહેશે.

(૧૫) આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી વિભાગ કક્ષાએ સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.

(૧૬) રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

(૧૭) આ કામની ડિઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાના અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૮) મંજૂર કરેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

(૧૯) બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઇ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

(૨૦) સરકારી ખર્ચમાં કરકસર અંગેના નાણાં વિભાગના તા.૨૨/૬/૯૪ ના પરિપત્ર ક્રમાંક : ખરચ-૧૦૯૪-૨૬૦-ઝ૧, તા.૨૦/૫/૯૬ ના ઠરાવ ક્રમાંક:ખરચ-૧૦૯૬-ઓ-૬૪૫-ઝ૧, તા.૯/૯/૯૮ ના ઠરાવ ક્રમાંક : ખરચ-૧૦૯૮-૭૦૪-(૫૮) ઝ૧ તથા તા.૧૪/૦૮/૨૦૧૪ અને તા.૦૬/૦૬/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક : ખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ૧ અનુસારની તેમજ વખતો વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨૧) ખાતાકીય મજૂરોથી કામ લેવાનું હોય તે સિવાયના કિસ્સામાં આઉટસોર્સીંગથી કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૨૨) કામગીરી/હાથ ધરાનાર પ્રવૃત્તિઓની રૂપરેખા તૈયાર કરી વિભાગ કક્ષાએ મંજૂરી મેળવી કાર્યવાહી કરવાની રહેશે.

(૨૩) આ યોજનાના અમલના ભાગરૂપે હાથ ધરવાની પ્રવૃત્તિઓ પૈકી જે પ્રવૃત્તિ હાથ ધરવા સરકારશ્રીની નિયત ગાઇડલાઇન્સ ન હોય ત્યાં તે હાથ ધરવા સક્ષમ કક્ષાએ મંજૂરી મેળવવામાં આવે તથા તંદુરસ્ત સ્પર્ધા જળવાય તે સુનિશ્ચિત કરવાનુ રહેશે.

આ અંગેનો ખર્ચ વિભાગના માંગણી નં-૯૫, મુખ્ય સદર- ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા મુખ્ય સદર-૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, પેટા સદર- ૦૪ SCW-32 સરકારી મકાનોના અપગ્રેડેશન અને મોડર્નાઇઝેશન હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૯/૦૧/૨૦૨૧ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી,
અનુસૂચિત જાતિ કલ્યાણ,
ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

નકલ રવાના:

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.),સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય

- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૧